જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૬/૧૦/૨૦૨૨ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૭૮૬/૨૦૨૨

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૫/૧૦/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૮ | ૦ | ૧૪૮ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૭૦૧ | ૦ | ૧૦૦૭૦૧ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૮ | ૧,૯૧,૯૦૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૮૭/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૫ કેસ કરી, ૨૫ વ્યક્તિઓને ઝડપી, ૯૬ લીટર દેશી દારૂ, ૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૩૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧૪૪ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૨૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૯,૫૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૮૮/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૭૮૯/૨૦૨૨**

**ઇસનપુરઃ** ધર્મેન્દ્રભાઇ શૈલેષભાઇ દવે (ઉ.વ.૩૪) (રહે. સ્વામિનારાયણ સોસાયટી વિભાગ-૨ વિશાલનગર સામે ઇસનપુર) એ તા.૦૫/૧૦/૨૦૨૨ ના રોજ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે-જુન/૨૦૨૧ થી તા.૨૬/૦૧/૨૦૨૨ સુધીના સમયાગાળા દરમ્યાન આરોપી (૧) દિપકભાઇ નરોત્તમભાઇ પરમાર (રહે. આકૃતિ આંગન ફ્લેટ ઉમંગ ફ્લેટની બાજુમાં લાંભા) અને (૨) જય દિપકભાઇ પરમાર (રહે. આનંદ વિહાર સોસાયટી રાજેન્દ્રપાર્ક સામે દાણીલીમડા) એ ભેગા મળી ધર્મેન્દ્રભાઈ દવેને મહાવીર સ્કુલ સામે સત્તાધાર સોસાયટીની બાજુમા ઓમકાર શોપીંગ સેન્ટરમા આવેલ દુકાન નં-૨ દુકાન ભાડેથી રાખાવી એમ.ડી.એન્ટરપ્રાઇઝ નામથી કરીયાણાની હોલસેલની દુકાન ચાલુ કરાવી માધુપુરા માર્કેટમાંથી સસ્તા ભાવે તેલ તથા કરીયાણાનો માલ સામાન લાવી આપવાનુ જણાવી લોભામણી લાલચ આપી વિશ્વાસમાં લીધા હતા. ત્યારબાદ થોડા સમયમા તેલના ભાવ વધવાના છે અને તમારે સામાન મંગાવવો હોય તો એડવાન્સ પૈસા આપી દો હું માલ સામાન આગળ નોંધાવી અને તમારા ઘરે ડીલેવરી કરાવીશ તેમ કહેતા ધર્મેન્દ્રભાઇ દવેએ કરીયાણાનો સામાન કિમત રૂપિયા ૫૨,૯૦,૬૦૦/- ઓર્ડર બુક કરાવતા તે પૈકી એડવાન્સ પેટે રૂપિયા ૪૨,૬૩,૧૫૦/- ધર્મેન્દ્રભાઇ દવે પાસેથી મેળવી લઈ સામાન નહી મોકલી તેમજ આપેલ નાણા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.બી.હડીયલ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૭૯૦/૨૦૨૨**

**ગોમતીપુરઃ** રામીબહેન વા/ઓ રમેશભાઇ પરમાર (ઉ.વ.૭૨) (રહે. જીવરામભટ્ટની ચાલી મરીયમબીબી ચાર રસ્તા પાસે ગોમતીપુર) એ તા.૦૫/૧૦/૨૦૨૨ ના રોજ ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૧૦/૨૦૨૨ રાતના ૮/૦૦ થી તા.૦૫/૧૦/૨૦૨૨ બપોરના ૩/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી તિજોરીનુ તાળું તોડી તિજોરીમાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૧,૦૦,૦૦૦ અને રોકડ રૂપિયા ૪૬,૦૦૦/-મળી કુલ રૂપિયા ૧,૪૬,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.પી.ચૌહાણ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૭૯૧/૨૦૨૨**

**વાડજઃ** સંજયભાઈ અશોકભાઈ પ્રજાપતિ (ઉ.વ.૩૬) (રહે. વચલી શેરી કોઠની પોળ ભુતની આંબલી પાસે રાયપુર) તા.૦૪/૧૦/૨૦૨૨ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે નવા વાડજ રહેણાંક નજીક સાગર એપાર્ટમેન્ટ અને વિશ્રામ પાર્ક વચ્ચે સ્કુટર ઉભુ રાખી ઉભા હતા ત્યારે એક અપાચી મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ સંજયભાઈ પ્રજાપતિની નજર ચુકવી સંજયભાઈ પ્રજાપતિના સ્કુટરના આગળના ભાગે મુકેલ બેગ ચોરી કરી લઈ નાસી ગયા હતા. જે બેગમાં સોનાનો ઢોળ ચઢાવેલ દાગીના કિમત રૂપિયા ૬,૦૦,૦૦૦/- મતા હતી. આ અંગેની ફરીયાદ સંજયભાઈ પ્રજાપતિએ વાડજ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.વી.ચૌધરી ચલાવે છે.

**એલીસબ્રીજઃ** જીનદત્ત સ/ઓ મુકેશભાઇ શાહ (ઉ.વ.૪૨) (રહે. સિધ્ધગીરી એપાર્ટમેન્ટ ભગતબાગ સોસાયટી ન્યુ શારદા મંદીર રોડ પાલડી) એ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૫/૧૦/૨૦૨૨ બપોરના ૪/૪૫ વાગ્યાના સુમારે કલગી ચાર રસ્તા પાસે ખાદી ગ્રામઉધોગ આગળ પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી કારમાંથી અજાણી વ્યક્તિ બેગ ચોરી કરી લઈ ગઈ હતી. જે બેગમાં સોનાની લગડી કિમત રૂપિયા ૨,૦૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧૩,૦૦,૦૦૦/- હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.ડી.પટેલ ચલાવે છે.

**આનંદનગરઃ** ઝરણાબહેન અંબરીશભાઇ ત્રિવેદી (ઉ.વ.૩૮) (રહે. કિર્તી રીવેરીયા ગ્રાઉન્ડ ફ્લોર કગદાસપુરા સીવી રામનનગર બેંગ્લોર) એ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૪/૧૦/૨૦૨૨ રાતના ૧૧/૧૫ થી તા.૦૫/૧૦/૨૦૨૨ કલાક ૦૦/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન એસ.જી હાઇવે પ્રહલાદનગર વાય.એમ.સી.એ ક્લબની અંદર મેદાનમાં પર્સ નીચે મુકી ગરબા રમતા હતા ત્યારે અજાણી વ્યક્તિ ઝરણાબહેન ત્રિવેદીની નજર ચુકવી પર્સ ચોરી કરી લઈ ગઈ હતી. જે પર્સમાં પ્લેટીનિયમનુ બ્રેસલેટ કિમત રૂપિયા ૭૯,૯૦૫/- અને રોકડ રૂપિયા ૮૦૦/- હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.કે.ઝાલા ચલાવે છે.

**સોનાની મગમાળા ખેચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૯૨/૨૦૨૨**

**એલીસબ્રીજઃ** ગુણીબહેન વા/ઓ પ્રવિણભાઇ શાહ (ઉ.વ.૬૮) (રહે. ધનશ્યામ એવન્યુ ફ્લેટ વિશ્વકુંજ ચાર રસ્તા ભગવાનનગરનો ટેકરો પાલડી) તા.૦૫/૧૦/૨૦૨૨ સાંજના ૫/૧૫ વાગ્યાના સુમારે ટાગોર હોલ ગેટ પાસે રિવરફ્રન્ટ જતા રસ્તા પરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક લાલ રંગના એક્ટીવા ઉપર આવેલ બે પુરૂષ ગુણીબહેનના ગળામાંથી સોનાની મગમાળા કિમત રૂપિયા ૬૦,૦૦૦/- ઝુંટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ગુણીબહેન શાહે એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.ડી.પટેલ ચલાવે છે.

**ડુબી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૭૯૩/૨૦૨૨**

**રિવરફ્રંટ ઈસ્ટઃ** તા.૦૫/૧૦/૨૦૨૨ સાંજના ૫/૩૦ વાગ્યા પહેલા કોટેશ્વર મહાદેવ મંદિર પાછળના ભાગે સાબરમતી નદી કિનારે મુર્તિ વિસર્જન કરવા ગયેલ (૧) અભિષેક પરમાનંદ વિશ્વકર્મા (ઉ.વ.૨૧) (રહે. વિભાગ-૨ વેલજીભાઇનો કુવો શિવશક્તિનગર મોટેરા ચાંદખેડા) (૨) રાહુલ સ/ઓ હૌશલાપ્રસાદ કોરી (ઉ.વ.૧૯) (રહે. નેતલદેવ પાર્ક સોસાયટી શાંતિપુજ્ય રો હાઉસની બાજુમા દુર્ગા વિદ્યાલય પાસે ચાંદલોડિયા) અને (૩) સંજય સ/ઓ મોહનલાલ ચૌહાણ (ઉ.વ.૨૩) (રહે. નેતલદેવ પાર્ક સોસાયટી શાંતિપુજ્ય રો હાઉસની બાજુમા દુરગા વિદ્યાલય પાસે ચાંદલોડિયા) નદીમાં ડુબી જતા મૃત્યુ નિપજયું હતું. આ અંગે રિવરફ્રંટ ઈસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કલ્પેશભાઇ પ્રેમજીભાઇ ચલાવે છે.

**વિજ કરંટ લાગતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૭૯૪/૨૦૨૨**

**નારોલઃ** નારોલ સલમાન ફેબ્રીકેશન ખાતે નોકરી કરતા સાહિલ સ/ઓ મસુદઅલી શાહ (ઉ.વ.૧૮) (રહે. બાગેહસન બાગેકૌસરની પાસે નારોલ) ને તા.૦૪/૧૦/૨૦૨૨ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે સલમાન ફેબ્રીકેશન ખાતે વિજ કરંટ લાગતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન ૯/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતું. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અમૃતજી અળખાજી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૭૯૫/૨૦૨૨**

**સરખેજઃ** મધુબહેન ડો/ઓ ગોવિંદભાઇ ચૌહાણ (ઉ.વ.૨૦) (રહે. રાજીવનગર વિભાગ-૨ બળીયાદેવ મંદિર પાછળ ગાયત્રીનગર સરખેજ) એ અગમ્ય કારણસર તા.૦૪/૧૦/૨૦૨૨ રાતના ૯/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી બી.બી.સિંહ ચલાવે છે.

**રામોલઃ** પુષ્પાબહેન વા/ઓ યોગેશસિંગ રાજપુત (ઉ.વ.૫૩) (રહે. ક્રાઈસ ક્રોક સિધવાઈ માતાના મંદીર પાસે રામોલ) એ બિમારીથી કંટાળી તા.૦૪/૧૦/૨૦૨૨ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધુ હતુ. સારવાર માટે તેમને સીવીલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતું. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કલ્પેશભાઈ મોહનભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી